હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ગુરુજી, હવે હુ, આ ગુફામાં ધ્યાન કરવા બેસુ છું તો, સંસદભવન, લાલકિલ્લો, સાર્ક પરિષદ એવું દેખાય છે.

સે-૬માં કોર્પોરેટર હિરલબેન જોષી તથા સાથી કાર્યકરો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીમાં જયેશ રાવલની પેનલ વિજયી

પાંચ બેઠકો માટેના રસાકસીભર્યા જંગમાં સર્વશ્રી હિરેન પટેલ, જિતેન્દ્ર સોની, જયેશ રાવલ, હર્ષદસિંહ વાઘેલા અને મુકેશ મોલડીયા વિજયી

ગાંધીનગર, તા. ૩૦

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં સચિવાલય સેક્શન અધિકારી એસો.ના પ્રમુખ જયેશ રાવલની આખી પેનલનો વિજય થયો છે.

પાંચ બેઠક માટે ૮ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ હતુ. કર્મચારીઓની ન્યુ ક્રેડીટ સોસાયટીનો આ જંગ રોચક અને રોમાંચકતાથી ભરપૂર બન્યો હતો. ઉમેદવારોએ પ્રચાર અભિયાનમાં ગાંધીગીરીનો નવતર અભિગમ પણ અપનાવ્યો હતો.

ન્યુ ક્રેડીટ સોસાયટીના ૧૭૯૫ નોંધાયેલા મતદારોમાંથી ૧૩૨૮ મતદારોએ મતદાન કર્યુ હતુ. મતદાન પછી મોડી સાંજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી.

મતગણતરીને અંતે હીરેન પટેલને ૧૦૬૦ મત, જીતેન્દ્ર સોનીને ૯૯૮ મત, જયેશ રાવલને ૯૨૮ મત, હર્ષદસિંહ વાઘેલાને ૯૦૮ મત અને મુકેશ મોલડિયાને ૭૧૧ મત મળ્યા હતા. જેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

આ જંગમાં ઝુકાવનાર શૈલેષ, મજમુદારને ૬૭૧ મત, અશ્વિન વ્યાસને ૬૬૫ મત અને મહેશસિંહ વાઘેલાને ૬૫૯ મત મળ્યા હતા.

કર્મચારીઓમાં ન્યુ ક્રેડીટ સોસાયટીએ સારૂ એવુ સ્થાન પ્રાપ્ત કરેલ છે તેમજ ઓડિટમાં પણ અ વર્ગ મેળવ્યો છે. કર્મચારીઓને આ ક્રેડીટ સોસાયટી દ્વારા ઝડપથી સરળતાથી ધિરાણ મળી રહેલ છે.

એસટી બસમાંથી ૨૪ દારુની બોટલો ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર એસટી બસમાંથી દારુની ૨૪ નંગ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા છે.ચિલોડા પોલીસ સ્ટેશનની ટીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચેંકીગમાં હતી તે દરમિયાન સાડા સાત વાગ્યાના સુમારે હિંમતનગર તરફની આવી રહેલી એસટી બસમાંથી બે શખ્સો થેલા સાથે નીચે ઉતર્યા હતા. જેમને રોકીને ચેક કરતા તેમના થેલામાંથી વિદેશી દારુની ૨૪ બોટલો મળી આવી હતી.

દારુ સાથે ઝડપાયેલા શખ્સોમાં ઓમપ્રકાશસિંહ ગંગાસિંહ રાવત તેમજ જશવંતસિંહ દિલિપસિંહ રાવત (બંને રહે. હાઈ વે મોલ ચાંદખેડા સ્ટાફ કવાટર્સ) નો સમાવેશ થયા છે. ચિલોડા પોલીસે તેમની પાસેથી રૂ, ૬ હજારની દારુની બોટલો અને જપ્ત કરીને પ્રોહીબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રથયાત્રામાં પોષણક્ષમ મગના પ્રસાદનો મહિમા

ગાંધીનગર, તા.૩૦

મગ ચલાવે પગ તેવું કયાંક સાંભળ્યું હશે. પ્રોટીન-વિટામીનથી ભરપુર મગ પોષણક્ષમ ભાવમાં મળતા હોવાથી વધુ ઉપયોગમાં લેવાય છે.

હાલ નજીકના જ દિવસોમાં રથયાત્રા આવનાર છે અને રથયાત્રામાં પણ ભગવાન જગન્નાથને મગ અને જાંબુનો પ્રસાદ ચઢાવવામાં આવે છે.

શહેરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના જણાવ્યા મુજબ રથયાત્રા જયારે અગાઉના સમયમાં નીકળતી ત્યારે પ્રસાદની કોઈ સામગ્રી ઉપલબ્ધ થતી નહોતી અને મગ પૌષ્ટિક છે તેથી મગને પ્રસાદ તરીકે હજી પણ ચઢાવાય છે. મગ ચલાવે પગ. ભાવિકો રથયાત્રામાં ચાલતા જતા હોય ત્યારે પૌષ્ટિક મગ ખાવાથી તેમને તાકાત મળે છે. મગ ખાવાથી શરીરને કોઈ નુકશાન થતું નથી અને મગને રોટલી ખાઈને અનુષ્ઠાન પણ કરી શકાય છે.

મગ સમાજના બધા જ વર્ગોમાં સર્વ સ્વિકૃત કઠોળ છે. જે પોષણક્ષમ ભાવ સાથે બજારમાં ઉપલબ્ધ છે. શહેરના જાણીતા આયુર્વેદીક ડૉકટર જણાવે છે કે ચોમાસાની સિઝનમાં નવા શાકભાજી ન ખવાય ત્યારે તેના વિકલ્પમાં ગુણકારી અને રિઝનેબલ મગ ખાઈ શકાય છે.

● મગના ફાયદા ●

(૧) મગ શરીરના મૃત થઈ ગયેલા કોષોને જાગૃત કરે છે. (૨) મગ સાંધા મજબૂત કરે છે. (૩) મગ કુપોષણ સામે રક્ષણ આપે છે. (૪) મગજની સ્ટ્રેન્થ વધારવામાં ઉપયોગી છે. (૫) ગર્ભાવસ્થા દરમિયાન ખાઈ શકાય છે. (૬) મગ શરીરમાં રહેલા હોર્મોન્સને બેલેન્સ કરે છે અને પેટના પ્રમાણને ઓછું કરે છે. (૭) મગમાં વીટામીન્સ અને મીનરલ્સ વધુ પ્રમાણમાં હોવાથી ડાયાબીટીસ અને કેન્સર જેવા રોગોમાં તે એન્ટી ઓક્સિડન્ટનું કામ કરે છે. (૮) કસરત કરતા અને વજન ઉતારતા વ્યકિતઓ માટે ડાયટમાં મગ ઉપયોગી રહે છે. (૯) મગને ઉંધેથી વાંચતા 'ગમ' વંચાય છે એટલે કે મગ ખાવાથી તમે જીવનમાં ગમ ખાતા શીખી શકો!!

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા શિક્ષકોની ભૂમિકા મહત્વની : ઓ. પી. કોહલી

ગાંધીનગર, તા.૩૦

આજે ગાંધીનગર ખાતે આઈ.આઈ.ટી.ઈ નાં ૯માં સ્થાપનાદિને ૧૦૦થી વધુ ગુરૂજનોનું સન્માન કરતા રાજ્યપાલ ઓ.પી. કોહલીએ કહ્યું હતું કે, વિકસતા જતા સમયમાં વિદ્યાર્થીઓને વિશ્વ કક્ષાનું શિક્ષણ આપવું અનિવાર્ય બન્યું છે. ત્યારે શિક્ષકો આ ક્ષેત્રે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યા છે. સેવારત અને સેવા નિવૃત શિક્ષકો સમાજ પ્રત્યે પોતાનું દાયિત્ય નિભાવીને સમાજ ઘડતરમાં ડાયનેમિક ભૂમિકા અદા કરવા રાજ્યપાલએ આહવાન કર્યુ હતું.

તેમણે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનની સ્થાપના વર્ષ ૨૦૧૦માં કરી હતી. તેમના વિઝન-મિશન થકી આજે આ યુનિવર્સિટી દેશની એકમાત્ર યુનિવર્સિટી બની છે. યુનિવર્સિટી દ્વારા આવનારા સમયમાં સમાજોપયોગી સંશોધનો તથા શિક્ષક ઘડતર માટેના પ્રયાસો થાય તે જરૂરી છે.

તેમણે ઉમેર્યું કે શાળા, કોલેજો-યુનિવર્સિટીઓએ પણ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી તૈયાર કરવાને બદલે સમાજઘડતર માટેનું પણ શિક્ષણ આપવું જોઈએ. દેશને આઝાદી ૧૯૪૭માં મળી હતી અને આજે પણ ભારત વિકાસશીલ દેશ કહેવાય છે ત્યારે ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવવા માટે શિક્ષણના માધ્યમ દ્વારા શિક્ષકોએ અનેરી ભૂમિકા અદા કરવી પડશે.

રાજ્યપાલે કહ્યું કે દેશમાં શિક્ષણનો સ્વર્ણિમ યુગ છે. આપણે નાલંદા, તક્ષશિલા અને વલ્લભી વિદ્યાપીઠો માટે ગૌરવ કરીએ છીએ ત્યારે દેશની યુનિવર્સિટીઓ પણ વર્લ્ડ રેન્કિંગમાં આગવું સ્થાન હાંસલ કરીને પુનઃ તક્ષશિલા, નાલંદા, વિદ્યાપીઠ જેવું ગૌરવ પ્રાપ્ત કરે તે માટે શિક્ષકોએ આગવા પ્રયાસ કરવા પડશે.

સમારંભના મુખ્ય અતિથિ ડબલ્યુઆરસી-એનસીટીઈનાં ચેરપર્સન રવિન્દ્ર કડુએ આ પ્રસંગે ઉપસ્થિત નિવૃત્ત અધ્યાપકોની પ્રશંસા કરીને તેમના દ્વારા શિક્ષણ થકી સમાજને આગળ લઈ જવાના કરવામાં આવેલા પ્રયાસો બિરદાવ્યા હતા. આજે પણ શ્રેષ્ઠ શિક્ષકોની સમાજ ને ખુબ જરૂર છે તેમ કહીને શ્રી કડુ એ ઉમેર્યું હતું કે આ વિઝન સાથે જ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આઈ.આઈ.ટી.ઈ ની સ્થાપના કરી હતી. તે ઉપરાંત આઈઆઈટીઈના કુલપતિશ્રી હર્ષદ પટેલને આ યુનિવર્સિટીને નવી ઊંચાઈએ લઈ જવા બદલ ડો. કડુએ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી અન્નપૂર્ણા ધામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ, અડાલજના સંયુક્ત ઉપક્રમે આજરોજ અડાલજના શ્રી અન્નપૂર્ણા ધામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અન્નપૂર્ણા ધામ, અડાલજ ખાતે આજરોજ યોજાયેલ વૃક્ષા રોપણ કાર્યક્રમનો આરંભ રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ અને શ્રી અન્નપુર્ણા ધામ ટ્રસ્ટના પ્રમુખ નરહરિભાઈ અમીન, ટ્રસ્ટના ચેરમેન રવજીભાઈ વસાણી, એસ.બી.આઈ બેંકના ડી.જી.એમ. અરવિંદકુમાર તથા એ.જી.એમ. રવિશંકરના હસ્તે પામ વૃક્ષોનું વાવેતર કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના કર્મયોગીઓ અને ટ્રસ્ટના સભ્યો દ્વારા પણ ટ્રસ્ટના સંકુલ અને પાર્કિંગના ફરતે ૧૭૫ પામ અને ૨૫ લીમડાના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

રાજ્ય વિધાનસભા સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી પૂર્વ અધ્યક્ષ અશોક ભટ્ટનું સપનું પૂર્ણ કરી રહ્યાં છે!

ગુજરાત વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી તેમના પૂરોગામી અધ્યક્ષ અશોક ભટ્ટનું સપનું પૂર્ણ કરી રહ્યાં છે. અશોક ભટ્ટ જ્યારે વિધાનસભાના સ્પીકર હતા ત્યારે તેમણે વિધાનસભાની કાર્યવાહી ઓનલાઈન કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે વિધાનસભાના તમામ ડોક્યુમેન્ટનું ડિઝીટલાઈઝેશન કરવાનું પણ નક્કી કર્યું હતું પરંતુ તેમનું આ સપનું અધુરૂં રહ્યું હતું જે હવે વર્તમાન સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી પૂર્ણ કરી રહ્યાં છે. ગુજરાત વિધાનસભાની વેબસાઈટને માહિતીના ભંડારમાં ફેરવી નાંખવામાં આવી છે. સત્ર શરૂ થાય તે પહેલાં વિધાનસભા સચિવાલયને કેટલા પ્રશ્નો, કેટલી નોટીસો મળી, કેટલા પેપર્સ આવ્યા છે, કેટલા સરકારી બીલો મળ્યા તેનો હિસાબ વેબસાઈટ પર મોજૂદ છે. વેબસાઈટ પર દર્શાવેલી માહિતી પ્રમાણે ૧૮૨ સભ્યોની વિધાનસભામાં હાલ ૧૭૫ સભ્યો મોજૂદ છે. કુલ સાત બેઠકો ખાલી પડી છે તે પણ દર્શાવવામાં આવ્યું છે. આ વેબસાઈટ અંગ્રેજી અને ગુજરાતી એમ બે માધ્યમમાં બનાવવામાં આવી છે. આ નવી વેબસાઈટના વિઝિટરની સંખ્યા ૪૩૦૦૦ ઉપર પહોંચી ચૂકી છે. જો કે હજી આ વેબસાઈટ અપડેટ થઈ રહી હોવાથી કેટલાક સેક્શન ખાલી છે. વેબસાઈટની એક ખૂબ એવી છે કે તમે બર્થડે પ્રમાણે ધારાસભ્યોને શોધી શકો છો. મહિલા ધારાસભ્યો તમને અલગ મળી શકે છે. કઈ પાર્ટીનો ધારાસભ્ય છે તે સરળતાથી મળી શકે છે. વિધાનસભામાં બિઝનેસ પણ જાણી શકાય છે. તેની લિંક https://neva.gov.in/Business/Index છે.

ગુજરાતમાં કોઈ રાજ્યપાલ રિપીટ થયા નથી...

ગુજરાતના રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીનો પાંચ વર્ષનો સમય ૧૬મી જુલાઈ ૨૦૧૯ના રોજ પૂર્ણ થાય છે. રાજ્યમાં અત્યાર સુધી ૨૦ રાજ્યપાલ નિયુક્ત થયા છે જે પૈકી કોઈપણ રાજ્યપાલ રિપીટ થયા નથી તેથી રાજ્યને નવા રાજ્યપાલ મળવાની સંભાવના વધી જાય છે. દેશમાં ૧૨ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિયુક્તિ કરવાની થાય છે જેમાં ગુજરાતનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પહેલા રાજ્યપાલ મહેંદી નવાઝ જંગ હતા તેમણે પાંચ વર્ષનો ટેન્યોર પૂર્ણ કર્યો હતો. ૧૯૬૦ પછી કુલ ત્રણ એક્ટિંગ રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવેલા છે જેમાં બે વખત પીએન ભગવતીને અને એક વખત કેજી બાલાક્રિશ્નનને તક આપવામાં આવી છે, જ્યારે ૨૦૧૪માં કોંગ્રેસના માર્ગારેટ આલ્વાને એડિશનલ ચાર્જ આપવામાં આવ્યો હતો. ગુજરાત ભાજપમાં ૧૯૯૬માં જ્યારે બળવો થયો હતો ત્યારે કોંગ્રેસે નિયુક્ત કરેલા કૃષ્ણપાલસિંહનો બે વર્ષનો સમય વિવાદોથી ભરેલો રહ્યો હતો. પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે તેવા રાજ્યપાલમાં મહેંદી નવાઝ જંગ, શ્રીમન નારાયણ, શારદા મુકરજી, સરૂપસિંહ, નવલ કિશોર શર્મા, કમલા બેનિવાલ અને ઓમપ્રકાશ કોહલી છે. ગુજરાતમાં જ્યારે સત્તા પરિવર્તન થયું ત્યારે રાજ્યપાલ બદલાઈ ચૂક્યાં છે પરંતુ સૌથી વધુ રાજ્યપાલ કોંગ્રેસના સમયમાં આવ્યા છે. હવે ગુજરાતને ૨૧મા રાજ્યપાલ મળશે.

મેટ્રોરેલ પ્રોજેક્ટમાં અક્ષમ્ય વિલંબ થવાનું કારણ સિનિયર અધિકારીઓ જવાબદારીથી દૂર ભાગી રહ્યાં છે

બાંધકામોની વિકાસ પરવાનગી ઓનલાઇન...

ગુજરાતના શહેરી વિકાસ વિભાગે એક નિર્ણયમાં કહ્યું છે કે રાજ્યમાં ૧૫ મીટર સુધીના બાંધકામની વિકાસ પરવાનગી ઓનલાઈન કરી દેવામાં આવી છે. ક્રેડાઈ, આર્કિટેક્ટ, એન્જીનિયર અને ડેવલપર તેમજ સ્થાનિક સંસ્થાઓ અને સત્તામંડળના અધિકારીઓની રચાયેલી સમિતિ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગે ૧૫ મીટર એટલે કે જમીનથી બાંધકામના ટોપ સુધી ફાયર માટેની વ્યાખ્યામાં આવે છે તેટલી ઉંચાઈના બાંધકામોમાં વિકાસ પરવાનગીની અરજીઓ ૧લી જુલાઈથી ઓનલાઈન કરી દીધી છે. રાજ્યમાં મહાનગરપાલિકા, નગરપાલિકા અને સત્તામંડળ દ્વારા અગાઉ ઓનલાઈન અરજીઓ પરના રિપોર્ટની ચકાસણી કરી નાણાં ભરાવી ઓનલાઈન વિકાસ પરવાનગી આપવાની પદ્ધતિ હતી તેમાં ફેરફાર કરીને ૧૫ મીટર સુધીની અરજી ઓનલાઈન સ્ક્રૂટીની થયા પછી જરૂરી નાણાં ભરાવી સીધી મંજૂરી આપવામાં આવશે. ઓનલાઈન અરજી મળ્યા પછી ૩૦ દિવસમાં સત્તાતંત્રના અધિકારીઓ ચકાસણી કરી શકે છે અને ઓનલાઈન અરજીમાં કોઈ ક્ષતિ હોય તો વિકાસ પરવાનગી સ્થગિત અથવા રદ કરી શકે છે. જો તેમ થાય તો જે તે અરજીને ઓફલાઈન તરીકે જરૂરી કાર્યવાહી કરી નિર્ણય લઈ શકાશે.

ત્રણ સમસ્યાનું સમાધાન CMના હાથમાં છે...

ગુજરાતમાં જ્યારે કોઈ નવું બિલ્ડીગ બનતું હોય ત્યારે જે તે ડેવલપર્સ અથવા તો બિલ્ડરે સરકારની શરતોનું પાલન કરવાનું રહે છે. આ શરતોમાં સરકારે એવું નક્કી કર્યું છે કે-- નવા બાંધકામમાં બોરવેલ બનાવવામાં આવે ત્યારે તેમાં રિચાજલ્ગ સુવિધા કરવાની રહેશે. જેટલા વૃક્ષો કપાયા હોય તેની સામે બમણાં વૃક્ષો વાવીને તેને ઉછેરવા પડશે અને પાર્કિંગની સુવિધા રાખવી પડશે. જો આ ત્રણ સૂચનાનું ફરજીતાય પાલન થાય તો રાજ્યના શહેરોમાં પર્યાવરણ, ટ્રાફિક જામ અને પીવાના પાણીની કોઈ મુશ્કેલી પડે નહીં. સામાન્ય રીતે શહેરોમાં થઈ રહેલા બાંધકામોમાં જોવામાં આવ્યું છે કે બિલ્ડરો અને ડેવલપર્સ આ તમામ શરતોનું પાલન કરતા નથી. ખુલ્લી એક્વાયર કરેલી જમીનની સાથે સરકારી જમીનમાં જે વૃક્ષો હોય છે તેને કાપી નાંખવામાં આવે છે. રેસિડેન્શિયલ ઈમારતોમાં બિલ્ડરો પાર્કિંગની સુવિધા ઉભી કરે છે પરંતુ તે અપૂરતી હોય છે તેથી વસાહતીઓ રોડ પર વાહનો પાર્ક કરે છે. જે એપાર્ટમેન્ટ બનાવ્યું છે ત્યાં બોરવેલ તો બનાવે છે પરંતુ બોરના રિચાજલ્ગ માટેની સુવિધા ઉભી કરવામાં આવતી નથી જેથી વસાહતીઓને ઉંડા થઈ ચૂકેલા બોરના ખારા પાણી મળે છે. શહેરી વિકાસ વિભાગ મુખ્યમંત્રી પાસે છે ત્યારે તેઓ આ ત્રણ શરતોને ફરજીયાત બનાવે તો શહેરોમાં મુખ્ય ત્રણ સમસ્યાઓ જેવી કે પાણીની તંગી, ટ્રાફિક અને પર્યાવરણનું સમાધાન થઈ શકે છે. મુંબઈમાં એવી કેટલીય વસાહતો છે કે જ્યાં ઈમારતો કરતાં વૃક્ષોની સંખ્યા વધારે છે.

મેટ્રો રેલમાં કોઇ કામ કરવા કેમ માગતું નથી...

ગુજરાતની મેટ્રોરેલમાં કોઈ અધિકારી કામ કરવા માગતા નથી, કારણ જે હોય તે પરંતુ અધિકારીઓ દૂર ભાગે છે. સચિવાલયમાં ચર્ચાઈ રહેલા કારણમાં મેટ્રોરેલ પ્રોજેક્ટમાં અક્ષમ્ય વિલંબ થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટને સમયસર પૂર્ણ નહીં કરવામાં આવતા તેનો પ્રોજેક્ટ ખર્ચ વધતો જાય છે. રાજ્યના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી હોદ્દાની રૂએ ગુજરાત મેટ્રો રેલ કંપનીના મેનેજીંગ ડિરેક્ટરનું પદ સંભાળી રહ્યાં છે. તેમણે આ પદમાંથી મુક્ત કરવાની સરકારને વિનંતી કરી છે. આ પહેલાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ કેશવ વર્મા કે જેઓ વયનિવૃત્ત આઈએએસ અધિકારીએ છે તેમને સરકારે ગુજરાત મેટ્રોરેલ કંપનીની જવાબદારી સોંપવાનું નક્કી કર્યું હતું પરંતુ તેમણે પણ તેમના વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે આ જવાબદારી લેવાનો ઈન્કાર કર્યો હતો. હવે સરકાર નિવૃત્ત થયેલા અન્ય અધિકારીઓ પર નજર દોડાવી રહી છે કે જેઓ આ હોદ્દો સ્વિકાર કરે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટમાં શરૂઆતમાં સરકારે નિવૃત્ત આઈએએસ સંજય ગુપ્તાને નિયુક્ત કર્યા હતા પરંતુ તેમણે ૧૫૦ કરોડનું કૌભાંડ કરતાં સરકારે તેમને દૂર કરી દીધા હતા. એવું કહેવાય છે કે મેટ્રોરેલ માટે સરકારે ૨૦૦૩માં કાર્યવાહી શરૂ કરી હતી અને તેમાં ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડાવવાની થતી હતી. આ સમયે ૩૫૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો પરંતુ રાજકીય ઈચ્છાશક્તિના અભાવે માત્ર અમદાવાદના વિવિધ વિસ્તારો માટેની મેટ્રોરેલ ૨૦૧૯માં પણ પૂર્ણ થઈ શકી નથી, જ્યારે ગાંધીનગર માટે તો હજી કોઈ કામ શરૂ થયું નથી.

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૧નો ફ્લેશ કેમ નહીં...

ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૧ પૂર્ણ થયા પછી બીજા દિવસે ગુજરાત સરકારની વાયબ્રન્ટ વેબસાઈટ ઉપર વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩નો લોગો લાગી ચૂક્યો હતો પરંતુ રાજ્યમાં છેલ્લી વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ પૂર્ણ થયાને પાંચ મહિના થઈ ચૂક્યાં છે છતાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૧નો લોગો લગાવવામાં આવ્યો નથી. સરકારી આ વેબસાઈટ પર હજી પણ ૨૦૧૯ની વાયબ્રન્ટ સમિટના બ્રોશર અને ટ્રેડ શો માં હિસ્સો લેવા માટેના ફોર્મ જેવી જૂની વિગતો જોવા મળે છે. આ પહેલાં વેબસાઈટ પર અપકમીંગ સેમિનાર કે એક્ઝિબિશનની વિગતો મૂકવામાં આવતી હતી હવે તે સેક્શન બંધ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ના સમાપન દિવસે મહાત્મા મંદિરના વિશાળ કોર્પોરેટ મંચ પરથી જાહેરાત કરી હતી કે "આપણે હવે પછી ૨૦૨૧માં આ જગ્યાએ ફરી મળીશું..." મુખ્યમંત્રીની આ જાહેરાત પછી પણ ઉદ્યોગ વિભાગે વાયબ્રન્ટ સમિટની વેબસાઈટ સુધારવાની તસદી લીધી નથી. આ વેબસાઈટમાં ૨૦૧૭ના ડેટા તો ઉપલબ્ધ છે પરંતુ ૨૦૧૯ના ડેટા હજી સુધી મૂકવામાં આવ્યા નથી. ઉદ્યોગ વિભાગના એક નિવૃત્ત અધિકારીએ કહ્યું હતું કે-- સરકારી તંત્ર કાર્યક્રમ પૂર્ણ થયા પછી રોડ પરના બેનરો અને કમાનો મહિનાઓ સુધી હટાવી શકતી નથી તો વેબસાઈટમાં અપડેશન કેવી રીતે આવી શકે. સરકારની ૭૫ ટકા વેબસાઈટ્સ પર જૂના ડેટા દર્શાવાઈ રહ્યાં છે, બદલાય છે માત્ર તારીખ...

વિજય રૂપાણી ૨૦૨૧ની વાયબ્રન્ટ સમિટ કરવા માગે છે પણ વાયબ્રન્ટ ગુજરાતની વેબસાઇટ ઓફલાઇન

ગુજરાતમાં ૨૦ ગવર્નરો ફરજ બજાવી ચૂક્યાં છે પરંતુ કોઇ રાજ્યપાલ બીજી વખત નિયુક્ત થયા નથી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત